# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-02-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

### આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

****************************************************

1) "મન કી બાત" કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું પોતાનું સોશિયલ મીડિયા એકાઉન્ટ એક દિવસ માટે પ્રેરણાદાયી મહિલાઓને સોંપવાની જાહેરાત.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આગામી 3 વર્ષમાં દેશના દરેક જિલ્લામાં કેન્સર ડે-કેર સેન્ટર શરૂ કરાશે.

3) તેલંગાણાની ટનલમાં ફસાયેલા આઠ શ્રમિક અને ઇજનેરને બચાવવાની યુદ્ધનાં ધોરણે કામગીરી

4) વાવાઝોડા 'સારા'ને પગલે ભારતે હોન્ડુરાસને 26 ટન માનવીય સહાય મોકલી

5) ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં દુબઈમાં રમાઈ રહેલી મેચમાં પાકિસ્તાન તરફથી મળેલા 242 રનના લક્ષ્યાંકને આંબવા ભારતની આક્રમક શરૂઆત.

.......................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PM MANN KI BAAT

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી પહેલ કરશે. મન કી બાત કાર્યક્રમમાં આ પહેલની જાહેરાત કરતાં શ્રી મોદીએ જણાવ્યું, કે હું પોતાનું સોશિયલ મીડિયા એકાઉન્ટ એક દિવસ માટે દેશની કેટલીક પ્રેરણાદાયી મહિલાઓને સોંપવા જઈ રહ્યો છું. શ્રી મોદીએ ઉમેર્યું કે, આપણી સંસ્કૃતિમાં દીકરીઓનું સન્માન સર્વોપરી રહ્યું છે. મન કી બાત કાર્યક્રમના માધ્યમથી દેશને સંબોધિત કરતાં શ્રી મોદીએ જણાવ્યું કે, દેશની માતૃશક્તિએ આપણા સ્વતંત્રતા સંગ્રામ અને બંધારણના નિર્માણમાં મોટી ભૂમિકા ભજવી છે.

**(બાઇટ: નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી – PM DEVI)**

શ્રી મોદીએ જણાવ્યું કે, ભારતનો દરેક વિસ્તાર પ્રકૃતિ માટે માત્ર સંવેદનશીલ નહીં વન્યજીવ સંરક્ષણ માટે પ્રતિબદ્ધ પણ છે. ગુજરાતમાં લોકોએ ગીરમાં એશિયાઇ સિંહોની સલામતી અને સંરક્ષણમાં મહત્વનું યોગદાન આપ્યું છે. તેમણે દુનિયાને બતાવ્યું છે કે, પ્રકૃતિની સાથે સહઅસ્તિત્વ આખરે શું હોય છે......

***(બાઇટ: નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી – PM KARNATAKA TIGER)***

દરમિયાન શ્રી મોદીએ ઉત્તરાખંડમાં રાષ્ટ્રીય રમતોના ઉત્સાહ વિશે પણ વાત કરી, જ્યાં 11 હજાર થી વધુ ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. શ્રી મોદીએ સૌથી વધુ સુવર્ણ ચંદ્રક જીતનારી સર્વિસીસની ટીમને અભિનંદન પાઠવ્યા.

***(બાઇટ: નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી – PM NATIONAL GAMES)***

મન કી બાત કાર્યક્રમમાં શ્રી મોદીએ વન્ય જીવના સંરક્ષણ સાથે જોડાયેલા કામમાં સક્રિય રીતે ભાગ લેવા દેશના આદિવાસી સમુદાયનો આભાર વ્યક્ત કર્યો હતો. ઉપરાંત શ્રી મોદીએ બૉર્ડની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

. . . . . . . . . . . . .

# PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે 'સૌ માટે આરોગ્ય' એ તેમની સરકારના સંકલ્પ - 'સબકા સાથ, સબકા વિકાસ'નો મુખ્ય આધારસ્તંભ છે. આજે મધ્યપ્રદેશના છતરપુર જિલ્લામાં બાગેશ્વર ધામ ચિકિત્સા અને વિજ્ઞાન સંશોધન સંસ્થાનો શિલાન્યાસ કરતી વખતે, શ્રી મોદીએ કહ્યું કે આ વર્ષના બજેટમાં કેન્સર સામે લડવા માટે અનેક જાહેરાતો કરવામાં આવી છે. શ્રી મોદીએ કહ્યું કે કેન્સરની દવાઓ સસ્તી કરવામાં આવશે, અને આગામી ૩ વર્ષમાં દેશના દરેક જિલ્લામાં કેન્સર ડેકેર સેન્ટર ખોલવામાં આવશે.

(બાઇટ: નરેન્દ્ર મોદી,પ્રધાનમંત્રી – PM CANCER DAY CARE)

અત્યાધુનિક મશીનો અને નિષ્ણાત ડોકટરોથી સજ્જ આ હોસ્પિટલમાં ગરીબ કેન્સર દર્દીઓને નિશુલ્ક સારવાર મળશે. શ્રી મોદી ભોપાલમાં બે દિવસીય ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ 2025નું ઉદ્ઘાટન પણ કરશે.

. . . . . . . . . . . . . . .

# EVE TELANGANA RESCUE

તેલંગાણામાં, નાગરકુર્નૂલ જિલ્લાના ડોમાલાપેન્ટા ખાતે ટનલમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે બચાવ પ્રયાસો તેજ કરાયા છે. SLBC ટનલના ભંગાણવાળા ભાગમાં ફસાયેલા આઠ શ્રમિકો અને ઇજનેરોના જીવ બચાવવા માટે ભારતીય સેના, આપત્તિ વ્યવસ્થાપન, સિંગરેની કોલસા અને સ્થાનિક અધિકારીઓની બચાવ ટીમો દ્વારા સંકલિત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગઈકાલે સવારે બનેલી આ ઘટનામાં દેશના વિવિધ ભાગોના બે ઇજનેરો અને છ શ્રમિકો ફસાયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# INDIA HONDURAS

વાવાઝોડા ‘સારા’ને પગલે ભારતે હોન્ડુરાસને 26 ટન માનવીય સહાય મોકલી છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, આ સહાયમાં તબીબી પુરવઠો અને આપત્તિ રાહત સામગ્રીનો સમાવેશ થાય છે, જેમાં તબીબી ઉપકરણો, ગ્લુકોમીટર, ઓક્સિમીટર, મોજા, સિરીંજ અને પ્રવાહી, ધાબળા, સ્લીપિંગ મેટ્સ અને સ્વચ્છતા કીટ સામેલ છે.

. . . . . . . . . . . . . . . .

# HM-DELHI CM

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે કહ્યું કે દિલ્હીના લોકોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને જન કલ્યાણકારી નીતિઓમાં અતૂટ વિશ્વાસ દર્શાવ્યો છે. તેમણે ઉમેર્યું કે, મુખ્યમંત્રી તરીકે રેખા ગુપ્તાનો કાર્યકાળ ચોક્કસપણે દિલ્હીને નવી ઊંચાઈઓ પર લઈ જશે અને લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરશે.

શ્રીમતી ગુપ્તા રાષ્ટ્રીય રાજધાનીમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહને પણ મળ્યા. શ્રી સિંહે દિલ્હીને વિકાસ અને સુશાસનના માર્ગ પર લઈ જવા માટે શ્રીમતી ગુપ્તાને શુભેચ્છાઓ પાઠવી.

. . . . . . . . . . . . . . . .

# DAY.-DELHI-ASSEMBLY-SESSION

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું કે આવતીકાલથી શરૂ થઈ રહેલા આગામી ત્રણ દિવસીય વિધાનસભા સત્રમાં CAG રિપોર્ટ રજૂ કરવો એ સૌથી મહત્વપૂર્ણ પાસું હશે. ધારાસભ્ય દળની બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધતા શ્રીમતી ગુપ્તાએ કહ્યું કે વિધાનસભા સત્રની શરૂઆતમાં તમામ ધારાસભ્યો શપથ લેશે. તેમણે ઉમેર્યું કે સ્પીકર અને ડેપ્યુટી સ્પીકરના પદો માટે આવતીકાલે ચૂંટણી યોજાશે. શ્રીમતી ગુપ્તાએ જણાવ્યું હતું કે દિલ્હીના રહેવાસીઓને અસર કરતા મહત્વપૂર્ણ મુદ્દાઓને સંબોધવા માટે ત્રણ દિવસીય સત્રનું વ્યૂહાત્મક આયોજન કરાયું છે.

(બાઈટ -- રેખા ગુપ્તા, દિલ્હી મુખ્યમંત્રી)

. . . . . . . . . . . . . . .

# ICC CRICKET IND-PAK

ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં દુબઈ ખાતે રમાઈ રહેલી મેચમાં પાકિસ્તાને ભારતને જીતવા 242 રનનો લક્ષ્યાંક આપ્યો છે. આ લક્ષ્યાંક આંબવા ભારતે આક્રમક શરૂઆત કરી છે. જોકે, ભારતીય કેપ્ટન રોહિત શર્મા 15 બોલમાં 20 રન કરી આઉટ થયો હતો. હાલમાં છેલ્લા અહેવાલ અનુસાર ભારતે 15 ઓવરમાં 1 વિકેટે 89 રન કર્યાં છે.

અગાઉ પાકિસ્તાને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પાકિસ્તાન તરફથી એકમાત્ર અડધી સદી સઉદ શકીલે ફટકારી. તેમણે 62 રન બનાવ્યા હતા.

. . . . . . . . . . . . . . . .